SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 56. ઉત્તર ગુજરાતનાં આદિવાસીઓનું લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ

*મુકુલભાઇ કે. ભાંડવા*

## ❖ લોકસાહિત્ય એટલે શું ? :

હેમચંદ્રાચાર્યથી દયારામ સુધીના સમગ્ર મધ્યકાળમાં જે નાના-મોટા કવિઓએ સાહિત્ય સર્જન કર્યું છે તેને અવલોકવાનો પ્રયાસ થયો પણ આ સમયગાળામાં જ તળપદી ભાષામાં, તળપદા સંસ્કારોને લોકજીવનને મૂર્ત કરતું સાહિત્ય રચાતું જતું હતું. એ સાહિત્ય કાગળ પર તો અર્વાચીન મુદ્રણયુગમાં ઊતર્યું છે ત્યાં સુધી તેનો વાસ જનસમુદાયની જીભ પર હતો. પેઢી દર પેઢી કંઠ પર ઉતરતા જઇએ સાહિત્યે સુદીર્ઘ સફર કરી છે. તેને લોકસાહિત્ય કહેવામાં આવે છે.

## ❖ લોકસાહિત્ય સ્વરૂપ :

લોકસાહિત્યને તેની તળપદી ભાષા પરથી ''લોકિયું'' કે ગ્રામ્ય કહી હણનાર ભૂલ કરશે. એનાં સત્વ, સુગંધ ને રસત્વ પહેલાં વૃષ્ટિછંટકાવે ફોરી ઉઠતી ધરતીની સુગંધનો આનંદાનુભવ કરાવે એવાં હોય છે. એવી પ્રતીતિ રસવૃત્તિ બુઠ્ઠી થઇ ગઇ ન હોય તો. કોઇપણ સહૃદયને થાય તેમ છે. એની ભાષા, ભાવપ્રતીકો, કલાવિધાન અને સમગ્ર આત્માશિષ્ટ ગણાતા સાહિત્ય કરતાં અનોખાં હોય છે પણ એ અનોખાપણામાં જ એની ખૂબી રહેલી છે.''

લોકોનાં હર્ષ, શોક, પ્રેમ, શૌર્ય, આશા નિરાશા વગેરે ભાવો જેમ તેમની આંગિક ચેષ્ટાઓમાં અનાયાસે સહજ-સ્વાભાવિક રૂપમાં પ્રગટ થાય છે. તેમ તેમની વાચિક પ્રવૃત્તિમાં કે વાણીમાં ગીત યા કથારૂપે અનાયાસ ફૂટી નીકળે છે. અર્થાત લોકો હોય ત્યાં લોકસાહિત્ય પણ હોય જ. વનો, ડુંગરોમાં વસતી આદિમ, અભણ પ્રજા પાસે પણ પોતાનું લોકસાહિત્ય તો હોવાનું જ. શિષ્ટ સાહિત્ય કરતાં પણ લોકસાહિત્ય પ્રાચીન છે. શિષ્ટ સાહિત્ય તો લોકસાહિત્યના સર્જન-પ્રચલન પછી દીર્ઘકાળ, માનવસભ્યતા અને શિક્ષણનો પ્રચાર-પ્રસાર થયા પછી, લિપિની શોધ થયા પછી અસ્તિત્વમાં આવ્યું છે.

લોકસાહિત્ય એટલે લોકો દ્વારા, લોકો માટે, લોકબોલીઓમાં રચાયેલું લોકસંસ્કૃતિનું પ્રતિબિંબ પાડતુ અને લોકજીવન સાથે સંકળાયેલું, પેઢી દર પેઢી ઉતરી આવેલું લોકજીભે રમતુ, લોકકંઠે જીવતું કંઠસ્થ સાહિત્ય.

એકલા ગુજરાતની જ આ વાત જ નથી. દેરક દેશની પ્રજાને પોતાનું થોડું ઝાઝું પણ આવું લોકસાહિત્ય હોય છે અને હોય જ. શ્રમ કરતી વેળા હાથપગની ગતિને પ્રોત્સાહક તાલ આપવા અને શ્રમનું કાઠિન્ય અને એકતાનતા હળવાં કરવાં સાહજિક પ્રેરણાથી જ માણસ ગીત લલકારનો આશ્રય લે. આનંદોત્સવો વેળા એ સંઘગાન યોજે. એવે પ્રસંગે થતાં નૃત્યને સંવાદી સંગીત પણ એને જોઇએ. એની વીરપૂજકતા કોઇ વીરનાં ટેક, શૌર્ય અને સ્વાપર્ણથી હલી ઊઠે ત્યારે એ એને બિરદાવે પણ ખરો. પ્રેમ અને વિરહના અનુભવ તેમજ કરૂણ કે હસામણી કોઇ સામાજિક ઘટનાઓ ગાવાનું પણ એને મન થાય. એની બાળીભોળી કલ્પના ને ધર્મભાવના પણ કોઇક રીતે વાડમયી અભિવ્યક્તિ માગે. આમાંથી સર્જકના વ્યક્તિનિષ્ઠ ભાવવૈશિષ્ટયના દેખાડાને બદલે સમસ્ત લોકસમાજના હૈયાનો એને હોઠે આવે એવી તળપદી વાણીમાં મૂર્ત થતો કાલોઘેલો અને નિર્વ્યાજ પણ ભાવસુંદર લલકાર બનતું જે સાહિત્ય જન્મે તે લોકસાહિત્ય છે એનાં અનામી સર્જકો તેમાં વ્યક્તિઓ મટી લોકમુખ બન્યા હોય છે. એથી લોકસાહિત્યના અભ્યાસીઓ કહે છે તેમ એમાં સંઘોર્મિઓનું ગાન હોય છે એનું કર્તૃત્વ ભલે અભણ પણ સંવેદનશીલ અને ભાવસમૃદ્ધ હૈયાંવાળા નરનારીઓનું હોય છે એટલે એની કહેણી સીધી અને અકૃત્રિમ છતાં એજ કારણે નગરોદ્યાનની નહિ પણ વગડાની સુંદરતાનો અનુભવ કરાવનારી અને એક પ્રકારની લાક્ષણિક તાજગી તથા ઓટવાળી હોય છે. યથાપ્રસંગ મર્માળી લાઘવભરી અને લોક-કલ્પનાને

જ સુઝે એવા મૌલિક અલંકારોથી ઓપતી એની વાણી અને વીર શૃંગાર, કરુણ અદભૂત હાસ્ય આદિ રસોની એમાં એની રીતે થતી ચોટદાર નિષ્પતિ આ લોકસાહિત્યને સાહિત્યગુણે પણ સમૃદ્ધ બનાવે છે.

❖ **આદિવાસી લોકસાહિત્ય: સંજ્ઞા-**

"આદિવાસી સાહિત્ય" એવો ગુજરાતી પર્યાય પ્રયોજીએ ત્યારે એના મૂળમાં અંગ્રેજી **Tribal Folk Literature** છે અને **Tribal Literature** એવો મૂળ પર્યાય પ્રયોજીએ ત્યારે એમાં **Literature** એ પર્યાયની સાથે જ લિપિમાં લખાતી ભાષાના સાહિત્યનો પણ સમાવેશ થાય છે. એટલે કે આદિવાસી પરંપરાને એના નિજી તત્વોને, સંલગ્ન સમસ્યાઓને સ્પર્શતુ નિશ્રિત એવી વ્યક્તિ દ્વારા જે આધુનિક સાહિત્ય લિખિત રૂપમાં મળે છે. આથી અહીં **'આદિવાસી લોકસાહિત્ય'** એવો પર્યાય પ્રયોજ્યો છે. તે કંઠ પરંપરાથી વહેતા આવતાં સાહિત્યના સંદર્ભમાં જ છે.

આમ, 'આદિવાસી સાહિત્ય' એમ કહીએ ત્યારે વ્યાપક અર્થમાં તો કંઠ-પરંપરામાં વહેતુ આવતુ અને સામ્પ્રત કાળે દલિત સાહિત્યની જેમ જ લખાતું જતુ એમ બંને સ્ત્રોતનું સાહિત્ય સમાવિષ્ટ છે. પરંતુ અહિ આ સાહિત્ય પહેલા વિભાગ પૂરતું જ મર્યાદિત છે, એટલે જ અહીં સર્જાતા જતાં આદિવાસી સાહિત્યની નહિ પરંતુ કંઠપ્રવાહમાં **Lore** રૂપે વહેતુ અને દસ્તાવેજીકરણ પામેલું આદિવાસી સાહિત્ય છે.

❖ **'આદિવાસી: મૂળ અને વ્યુત્પત્તિ – પર્યાય '**

અહીં **Tribal** ના ગુજરાતી પર્યાય રૂપે 'આદિવાસી' એવો પ્રયોગ કર્યો છે અને તેમાં ગુજરાત રાજ્ય સરકાર / કેન્દ્ર સરકાર માન્ય એવી ગુજરાતમાં વસતી ૨૫ જેટલી આદિવાસી જાતિઓ છે તેમનાં જ કંઠપરંપરાના દસ્તાવેજીકૃત સાહિત્યનો સમાવેશ થાય છે. અંગ્રેજીમાં જે મૂળ 'Tribal' એવો પર્યાય છે. એનો પ્રથમ પ્રયોગ ૧૩મી સદીના **"Middle English Literature"** માં થયો અને તેનો સંબંધ ઇઝરાયલની ૧૨ જાતિઓ સાથે છે. **Tribal** એ શબ્દનું મૂળ ફ્રેન્ચ શબ્દ **Tribu** માં છે. એ **Latin** ના **Tribus** માંથી આવ્યો. લેટીન **Tribus, a tribe** મૂળ **tree** છે અને એના મૂળમાં **bhu, to be** હોવું છે અને સંખ્યાવાચક ત્રણ માટે છે. રોમન રાજ્યના જાતિગત ત્રણ વિભાગોમાં **Tities (Titineses), Ramnes (Ramneneas)** અને **Luceres** સમાવેશ થતો હતો.

ઇ.સ.૧૯૪૭ ના ભારતના સ્વાતંત્ર્ય અને લોકતંત્રની વિકાસ પછી જ પછાત, ન્યાયવંચિત રહેલી જાતિઓ અને તેમનાં ભાષા/બોલી સંસ્કૃતિ, સામાજિક, આર્થિક વિકાસની સભાનતા જાગી અને એના વિકાસની પ્રવૃત્તિઓ પર વિશેષ ધ્યાન અપાયું અને આમ બૌદ્ધિક વર્ગની આ પછાત મનાતા પ્રજા સમૂહ પ્રત્યેની તુચ્છતાભર્યા અભિગમમાં પરિવર્તન આવ્યું. લોકસાહિત્યનાં અભ્યાસથી પણ એ તથ્ય ઉપસી આવ્યું અને સ્વીકારતું થયું કે સમાજનો કોઇપણ વર્ગ કહેવાતા શિક્ષણના અભાવ તથા રહેણી-કરણી, જીવનધોરણ, માન્યતાના કેટલાક નાના-મોટાં ભેદને કારણે અસંસ્કૃત કે અર્ધસંસ્કૃત હોતો નથી. દરેક લોકોને એમના એથનિક એવા સમૂહને પોતાની જ આગવી સંસ્કૃતિ, જીવન-પરંપરા અને વ્યવસ્થા હોય છે. છેક વેદ કે એથી પણ પ્રાચીન એવા કાળથી આર્ય અને બીજા જાતિસમૂહોના ભારતનાં આગમન થયાં અને સંઘર્ષો પછી સ્થાયીકરણ અને સમન્વય થયાં. એ ગાળામાં જ કેટલીક મૂળ જાતિઓ સીમાન્ત પહાડો અને વનવિસ્તારોમાં ખસતી-વસતી ગઇ. એમને ત્યાંથી ખસેડવાનું કે પરાજિત કરીને સીધા શાસનમાં લાવવાનું જરૂરી કે ઉપયોગી ન હતું.

આવી જાતિઓ એમનાં વસવાટો અને વન-ઉપવનોપજીવી આછીપાતળી કૃષિની આજીવિકાઓને કારણે શાસકોને એમની સીમાઓના રક્ષણ માટે વિશેષ ઉપયોગી હતી અને વિશેષ તો પડોશી સત્તાઓ સામે સરહદ પરના બફરનું કામ બજાવતી હતી અને શાસકોને જ્યારે પણ કોઇ યુદ્ધની મોટી આપત્તિઓનો સામનો કરવાનો થતો હતો ત્યારે આવી આદિવાસી જાતિઓના યોદ્ધાઓ જ ઉપયોગી બનતા. આ એવો સામાજિક એકમ હતો જેનાં આજીવિકા, સંરક્ષણ ને બીજી જવાબદારીઓનો કોઇ ભાર શાસન પર ન હતો. આથી આ સામાજીક એકમ પાસેથી રાજય દ્વારા કોઇ પ્રકારના કર ઉઘરાવવામાં આવતાં ન હતા અને એમના પહાડી કે તળેટીના વનવિસ્તારો પર શાસનનો કોઇ જ વિશેષ માલિકી કે મહેસૂલી અધિકાર ન હતો. નાના-મોટાં નાયકો જ આવા સામાજિક એકમોનું પોતપોતાની પરંપરાગત પદ્ધતિની નીતિરીતિએ શાસન કરતા હતા. પ્રાચીન રોમન સામ્રાજ્ય અને વૈદિક તથા વેદોત્તર સમયગાળાના આર્યોની આ પદ્ધતિ હતી. આક્રમણ પછી સ્થાયી બનેલી બે કે વિશેષ એવી જાતિઓ વચ્ચેનું આ સૂઝ ભર્યું, ઉપયોગી

અને સાહજિક એવું મોટા સંઘર્ષ પછીનું સમજૂતી ભર્યું ને પારસ્પરિક ઉપયોગી અને વ્યવહારું એવું અનુકૂલન હતું. રોમન-સામ્રાજ્યને સ્થિર કર્યું તેમાં આવા જ ટ્રાઇબલ એવા સામાજિક એકમોના નાયકોની **Knight** તરીકેની ઉપકારક સેવાઓ હતી. દેવ-દાનવવા પ્રતિકરૂપ યુદ્ધ વર્ણનો, શિવનો દક્ષ પ્રજાપતિ સાથેનો મહાસંઘર્ષ રામાયણ-મહાભારતમાં મળતાં કેટલાંક વર્ણનો વિવિધ સંદર્ભ સંકળાતાં વેદસંહિતાના ઇન્દ્રસુક્તો આ બધું જ તપાસતાં જાતિ અને પ્રજાતિ, શાસન ભળેલી પ્રજા અને મુક્ત એવી વનવાસી પ્રજા વચ્ચેના ભેદને તથા પારસ્પરિક અનુકૂલનને જાણી શકાય છે. શાસનના જ સીધા નિયંત્રણ, નિયમન અને સંરક્ષણથી વંચિત આ જાતિઓને પોતાની જ સામાજિક એવી વ્યવસ્થા ટકાવીને રહેવાનું હતુ અન એમાં અન્યના હસ્તક્ષેપ અલ્પ હતા. એથી જ આ સામાજિક એકમનાં પોતાની ભાષા કે બોલી, ખાન-પાન, પહેરવેશ, વિધિવિધાન, રીતરીવાજ, કથાઓ-મહાકથાઓ, કાવ્યો-મહાકાવ્યો, નૃત્યને સંગીત, કલા ને કસબ આમ એવા પ્રવાહનાં કેટલાક તત્વો પ્રવેશ્યા, ભાષા-બોલી પર કેટલીક અસર પડી, આજીવિકામાં બદલાવ આવ્યો. કેટલાંક ખાસ સંજોગો અને પરિસ્થિતિમાં ભારતમાં વસીને સ્થિર થયેલી કે બહારથી આવીને સ્થિર થવાં મથતી કેટલીક જાતિઓ પણ આ સામાજિક એકમોમાં જાતિગત રૂપમાં ભળતી ગઇ. આમાંથી જ નાગરિક ગ્રામીણ અને આદિવાસીનું એક ફ્યુઝન સ્વરૂપ બંધાતું ગયું. જ્યાં આર્ય જાતિનું આક્રમણ-સંપ્રસારણ સ્થાયીકરણથ થતાં મૂળ જાતિઓને પોતાના અલગ એકમમાં વસવાનું પહાડી વનવિસ્તારનું સલામત એવું દુર્ગમ પર્વતીય વનવિસ્તારનું ભૌગોલિક સ્થાન ઉપલબ્ધ ન હતું. ત્યાં આવી પ્રજાઓનો કેટલોક વર્ગ કાંઠાના સમુદ્રકાંઠે રહેતો અને આજીવિકા શોધતો થયો અને કેટલોક વર્ગ સ્થાયી થયેલા આગમકોનાં સમાજમાં નિમ્ન સ્તરમાં ભળી ગયો. આભીરો-યાદવોને કારણે મૂળ વતની એવા કૌલ-કોળીઓમાં આવું જોવા મળે છે.

આ વિશિષ્ટ રૂપના સ્વાયત્ત સેવા સામાજિક એકમની પરંપરા પર મુસ્લીમ મુગલ-બ્રિટીશ શાસનમાં વિશેષ બાધક અસર ઓછી પડી એ કારણે ગુજરાતની ગ્રામીણ પરંપરાઓમાં જે કેટલુંક લુપ્ત થયું તે આ પરંપરામાં છેક આજ સુધી જળવાયું છે. બ્રિટીશ અમલમાં પણ આ જાતિઓની સ્વતંત્ર એવી જીવનરીતિ અને પદ્ધતિમાં વિશેષ હસ્તક્ષેપ નહોતો થયો. પરંતુ છેક વેદકાળથી જ કેટલીક જાતિઓને કારણે વનનાં પ્રયાસ માર્ગો વિશેષ જોખમરૂપ બનેલાં, જેના કેટલાક નિર્દેશો સંસ્કૃત-પાકૃત કથા ગ્રંથોમાં પણ છે અને કેટલીક જાતિઓની આજીવિકા, લૂંટફાટ સાથે સંકળાયેલી હોવાનું માનતાં બ્રિટીશરોએ ક્રિમિનલ ટાઇલ્સમાં મૂકીને અન્યાય અત્યાચાર કરેલા, આઝાદી પછી અને એ પહેલાં બ્રિટીશ શાસનમાં પણ આદિવાસી ભાષા-સાહિત્ય ક્ષેત્રે કેટલાક કાર્યો થયાં.

❖ **ઉત્તર ગુજરાતનાં આદિવાસીઓનું લોકસાહિત્ય :**

આદીવાસી લોકસાહિત્ય અને સંસ્કૃતિના અભ્યાસી ઉત્તમ સંશોધક-સંપાદક તરીકે ભગવાનદાસ પટેલનું નામ અને કામ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જાણીતું છે. ભગવાનદાસ પટેલે ભીલ આદિવાસીઓ પાસેથી પ્રાપ્ત ચાર લોકમહાકાવ્યો સંપાદન-સંશોધન કર્યું છે. જેમાં ભીલોનું રામાયણ રોમ, સતીમાની (વારતા), ભીલોનું ભારથ-પાંડવ વારતા, રાઠોડ વારતા, ડુંગરી ભીલોનો ગુજરાનો અરેલો નો સમાવેશ થાય છે.

“આદિવાસી લોક પોતાની વિશિષ્ટ ભૂમિ અને પર્યાવરણમાં ભોગવેલા જીવનનાં અનુભવોના આધારે સમાજ સ્વીકૃત નીતિ-નિયમોની મર્યાદામાં રહીને પોતાની લોકવિદ્યા, લોકસાહિત્યનું શાસ્ત્ર રચે છે, શાસ્ત્ર મૌખિક અને પરિવર્તિત હોય છે.

ઉત્તર ગુજરાતનાં દાંતા તાલુકાના અંબાજી આસપાસનાં અમીરગઢના ૭૪ જેટલા ગામોમાં વસતા સોખલા ગરાસિયા પ્રવર્તિત ગૌરી પૂજાની કથા, બહુ પ્રચલિત છે.

દાંતા તાલુકાના સાંખલા ગરાસિયાની લગ્નપ્રથા રીતરિવાજો અને લગ્નગીતોની મૂળ મીલી રચના જોવા મળે છે. સગાઇ, પાટે બેસાડવાની તથા માતા-ગણેશ સ્થાપનવિધિ, ગોત્રજ, મોળિયુ, ધાનપુજા, વરથાન, ચોકવસ્ત્રાભૂષણ, તોરણચોરી, મામેરૂ અને વિદાય જેવા ગીતોનો લોકસાહિત્યમાં સ્થાન છે.

આદિવાસીઓની પરંપરાગત, ઐતિહાસિક, સાંસ્કૃતિક વિરાસત એટલે એમની સંસ્કૃતિ, ભાષા, સહજતા, સરળતા, મુક્તતા, પ્રેમ, મમતા, કરુણાની પ્રાસ સદા નિર્મળ ઝરણાંની માફક સદા વહેતી રહે છે. વેદકાળથી આજદિન સુધી અનેક પરિબળોની અસરો આદિવાસી સમાજ પર થઇ હોવા છતાં આજે આદિવાસી સમાજમાં લોકસંગીત, લોકકથા, કે લોકકળા સ્વરૂપે કળા જીવંત રહી છે.

કલાકારો દ્વારા સર્જેલી લૌકિક તત્વવાળી જનસમૂહને ગમે તેવી વ્યવહારિક અને ધાર્મિક પરંપરાને સાચવીને મૂકાયેલી કળા આ વિભાગમાં ભીંતચિત્રો, શિલ્પ માટીના રમકડાં, ભરત ગૂંથણ વગેરેનો સમાવેશ થાય છે.

ઉત્તર ગુજરાતનો આદિવાસી સમાજ મુખ્યત્વે આ બાબતોમાં કલાકાર રહ્યો છે. ઘોડા, દેવ દેવીઓની મૂર્તિ બનાવવી અને ભીંતચિત્રો બનાવવા વગેરે જેવી કળા ધીરે ધીરે લુપ્ત થતી જાય છે.

અહીંના ગરાસિયા અને ભીલ આદિવાસીઓનું જીવન દૂર-દૂર એવા ડુંગરાળ વિસ્તારોમાં અને જંગલોની ટેકરીઓ સાથે સંકળાયેલું છે. તેમણે તેમની કળામાં પ્રકૃતિના વિશિષ્ઠ તત્વોનો આર્વિભાવ જોવા મળે છે. તેમનામાં સૌંદર્યલક્ષી વન્ય પશુ-પક્ષીઓનાં તત્વો વિશેષ પ્રમાણમાં સ્થાપિત થઇ ચૂકથી કે હાલમાં પણ ડુંગરી ગરાસિયા આદિવાસીઓમાં તેમની પોતાની કક્ષા મુજબની આગવી કલા અસ્તિત્વમાં છે.

❖ **ઉત્તર ગુજરાતમાં આદિવાસીઓના લોકગીતો :**

ભીલ સમાજમાં ગીતોની વાત કરીએ તો આ ગીતો લોકવાદ્યો, લોકનૃત્ય અને લોકનાટ્ય સાથે સંકળાયેલા છે. એટલું જ નહિ વિવિધ પ્રસંગે ઢોલના તાલે પાડવામાં આવતી કીકીયારીઓ પણ આ ગીતોના સ્વરૂપને પ્રગટાવવામાં સહાયભૂત થાય છે. આ કીકીયારીઓ માટે **“રિવરિયો”** શબ્દ ભીલ સમાજમાં પ્રયોજાય છે. આ રિવરિયો ગાયકને ગીત ગાવા ઉત્તેજે છે. જુદા-જુદા પ્રસંગનુરૂપ આ રિવરિયો પાડવામાં આવે છે. જે ભિન્ન ભિન્ન ભાવ અર્થ પ્રગટાવે છે. ‘‘ગેયતા-સંગીત અને નૃત્ય ભીલોનાં ગીતોનાં પ્રાણભૂત તત્વો છે. આ તત્વો જ ગીતને વાચિક આકારમાં બાંધી પ્રગટાવવામાં સહાયક થાય છે. આ ગીતો પર્વ પ્રસંગ વગર ગાવામાં આવતાં નથી. વળી, આ ગીતોને ગાવામાં અમુક ચોક્કસ સામાજિક-ધાર્મિક નિયમોનું પાલન કરવાનું હોય છે. જો નિયમનો ભંગ થાય તો સમાજના રોષનો અને દંડનો ભોગ બનવું પડે છે. પ્રત્યેક ગીત સાથે વાદ્ય પણ નિશ્ચિત હોય છે. આ ગીતોને વિષયની દ્રષ્ટિએ બે ભાગમાં વહેંચી શકાય (૧) સામાજિક ગીતો (૨) ધાર્મિક ગીતો. સામાજીક ગીતો જીવનનાં વિવિધ પ્રસંગો સાથે સંકળાયેલાં છે. જેમ કે, જન્મ, લગ્ન અને મૃત્યુ આદિ. આવા ગીતોમાં ગોઠિયાનાં ગીતો, હાલરડાં-ઇલો, લગ્નગીતો, મેળાનાં ગીતો, રાતીઝગાનાં ગીતો, તેળખીનાં ગીતો વગેરેનો સમાવેશ થાય છે. જીવનમાં બનતી ઘટનાઓ-પ્રસંગો પરથી સામાજિક ગીતો રચવામાં આવે છે.

❖ **ઉત્તર ગુજરાતના આદિવાસીઓની લોકસંસ્કૃતિ :**

ગુજરાત અને રાજસ્થાન પરના વિવિધ ગામોમાં આદિવાસી સમાજની બહુમતી છે અને આજે પણ આ સમાજનાં લોકોમાં મેળા અને તહેવારોનો મહિમા અનેરો છે. આ સમાજનાં લોકો મોટેભાગે જંગલોમાં છુટાછવાયા ઘર માંડીને રહે છે અને વારે-તહેવારે ભરાતા મેળાઓમાં બધા સાથે મળીને આવતાં હોય છે. ત્યારે આવો જ એક મેળો કલા અને આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરે છે. આ મેળો અંબાજીથી આબુના માર્ગ પર સિયાવા નદીના કિનારે ભરાય છે અને આ મેળામાં આદિવાસી સમાજ આવી નાચગાન કરી આનંદ મેળવે છે અને બાદમાં જલોઇ ફળીયાવાળા લોકો શિવ પાર્વતીની મૂર્તિ સાથે ઝવેરા સાથે બાળકીઓ આવે ત્યારે મેળાની પૂર્ણાહુતિ થાય છે.

અંબાજીથી આબુના માર્ગ પર આ મેળામાં મોટી સંખ્યામાં આદિવાસી સમાજ ઉમટે છે.

❖ **બનાસકાંઠાઃ આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતો સિયાવાનો મહામેળો -**

આ મેળો પ્રાચીન કાળથી મેળો ભરાય છે. મેળામાં આદિવાસી સમાજની ઝાંખી અને વિવિધ કલાઓના દર્શન થાય છે. મેળા જેવું વાતાવરણ હોય છે. દૂકાનો લાગે છે ઝૂલાઓ અને વિવિધ ખાણી-પીણીની દૂકાનો લાગે છે. આદિવાસી સમાજની બહેનો અને ભાઈઓ વિવિધ ડ્રેસોમાં નાચગાન કરી મેળાનો આનંદ માણે છે.

આ મેળાની ખાસિયત એ છે કે સાદડી ગામમાં મેળો ભરાયો હતો ત્યારે સિયાવા ગામના ભાઈઓ રાજસ્થાન જઈ આ મેળામાંથી એક છોકરી ઉપાડી સિયાવા ગામમાં લઈ આવ્યા હતાં. અને આ છોકરી અહીં આવી લોકોને અને ગ્રામજનોને ભારે હેરાન કરવા લાગી આથી ગ્રામજનોને માલુમ પડ્યું કે આ દેવીનો અવતાર છે.

ત્યારે ગ્રામજનો આના ઉપાય માટે બુદ્ધિજીવી લોકો પાસે ગયા અને આ નદી પાસે ગણગોર શિવ-પાર્વતીની મૂર્તિ બનાવી પૂજા કરવાની વાત કરી અને આ જ કારણે દરેક વર્ષે અહીં જલોયા ફળીના લોકો આજના દિવસે શિવ અને પાર્વતીની મૂર્તિ જંગલની વસ્તુઓથી બનાવી નાચતા કૂદતા સિયાવા ગામ આવે છે. આ શોભાયાત્રામાં આદિવાસી સમાજની બહેનો નાચગાન કરી અહીં નદી કાંઠે પૂજા વિધિ કરે છે. ત્યારબાદ મેળાની પૂર્ણાહુતિ થાય છે.

આદિવાસી સમુદાયની કલાઓ નિર્દોષ, અણીશુદ્ધ અને સ્વાભાવિક છે. તેમની કલામાં સૌંદર્ય ઉપરાંત આધ્યાત્મિક અનુભવો અને ધાર્મિક વિચારોનો આર્વિભાવ સવિશેષ જોવા મળે છે તેમનામાં કલાત્મક સાધનોને અનુરૂપ કલા ના સ્વરૂપો વિકસ્યા છે આ લોકો કાષ્ટ, પાષાણ, માટી, ધાતુઓ, પક્ષીનાં પીછાં, પશુઓના તંતુઓ વગેરેનો ઉપયોગ કરીને કલાત્મક કલાકૃતિઓ, ભૌમિતિક આકૃતિઓ તેમજ પ્રતિકાત્મક આકૃતિઓ સર્જે છે. મૂર્તિ અને ચિત્રકલાનું પ્રચલન આદિવાસી સમાજમાં વ્યાપકપણે વ્યક્ત થતું હોય છે.

આદિવાસીઓ પથ્થર અને લાકડાનો ઉપયોગ કરીને તેમાંથી કલાત્મક મૂર્તિઓ બનાવે છે. લાકડા અને ધાતુના વાસણો પર નકશીકામ, કોતરણી કામ અને ચિત્રકામ કરે છે. ઉત્સવો અને તહેવારોની ઉજવણી સભ્ય સમાજ અને આદિવાસી સમાજમાં પ્રાચીન યુગથી ચાલી આવી છે. માંસ દારૂના ઉત્સવો ધાર્મિક અને સાંસ્કૃતિક બાબતો સાથે સંબંધ ધરાવે છે. વિવિધ સામાજિક પ્રસંગોમાં પૂજાપાઠ, સમૂહગાન, સમૂહનૃત્ય, સમૂહભોજન વગેરેનું આયોજન આદિવાઓ કરતાં હોય છે એની પાછળ સામુહિક પ્રતિનિધિત્વની ભાવના તેમ એકાત્મકતા જેવા સામાજિક ગુણો જોવા મળે છે.

ભીલોના ધાર્મિક અનુષ્ઠાનમાં ગોરના ઉત્સવમાં સાંબેલાનાં પ્રતીકરૂપે કરવામાં આવતી 'લિંગપૂજા' દેવરા ઠાકોરની મૂર્તિઓ સ્થાપતી વેળાએ કરવામાં આવતી 'નાગપૂજા' વિવિધ પ્રસંગે કરવામાં આવતી 'વૃક્ષપૂજા' નાં મૂળ તામ્રશ્મકરળની સંસ્કૃતિ સાથે ઘણાં વિદ્વનો યોગ્ય રીતે જોડી આપે છે. ડુંગરી ભીલ આદિવાસીઓ અને પરાપ્રાકૃતિક શક્તિઓમાં વિશ્વાસ ધરાવે છે. તેથી તેઓ ખેતર, ઘર, ડુંગર, વહેળા વગેરે જગ્યાએ આ ગૂઢ શક્તિઓની સ્થાપના કરી વાર-તહેવારે પૂજા-પ્રાર્થના કરી નૈવેધ ચડાવે છે.

ભીલો ઘર આંગણામાં 'રગતિયા', દૂતિયા જેવા એકસોને સાઇઠ વીર અને હિરુ, રાંપુ, ટૂટી-ટાવરી, ખોડી-ખાપડી, મેલાની મેલરી વગેરેનો વાસ હોવાનો વિશ્વાસ ધરાવે છે. રોગચાળા વખતે તેમની માનતાં રાખી તે પૂરી થતાં હગ કે વધામણા કરે છે. તે વખતે તેમનો મહિમા કરતાં ગીતો ગવાય છે. જે પુરાકલ્પનથી સભર હોય છે.

સવ (શિવ) અમિયા (ઉમિયા) ગુણકો (ગણપતિ) વાસંગ (વાસુકિનાગ) ઍંદર (ઇન્દ્ર), સોમળો (કૃષ્ણ) રૉમ (રામ) ધમ્મરાઝા (ધર્મરાજા) પેમો (ભીમ) અરઝણ (અર્જુન) વગેરે દેવો પાત્રોનાં પ્રસંગ પાંખડી આ ગીતોમાં જોવા મળે છે.

આમ ઉત્તર ગુજરાતનાં આદિવાસીઓ ધાર્મિક ગીતોમાં પુરાકલ્પનનો પ્રયોગ અને વિનિયોગ વૈવિધ્ય સભર છે. દેવ-દેવીઓ સન્મુખ કરવામાં આવતાં વિધિવિધાનો વખતે ગવાતાં કે કહેવાતાં કંઠસ્થ સાહિત્યના મૂળ છેક પ્રાગૈતિહાસિક યુગથી આરંભી શૈવપ્રદાય, અગોરથ નાથસંપ્રદાય, બૌદ્ધધર્મ, જૈનધર્મ, મહાપંથ અને પુરાણકાળ આદિ સુધી વિસ્તરેલાં જોઇ શકાય છે.

❖ **સંદર્ભ સૂચિ :**


- ગુજરાતનાં આદિવાસી સાહિત્યનો ઇતિહાસ, પટેલ ભગવાનદાસ
- લોકસાહિત્યની વિભાવથી - પટેલ ભગવાનદાસ
- આદિવાસી લોકસાહિત્યશાસ્ત્ર - પટેલ ભગવાનદાસ
- પટેલ ગીરધરલાલ એન્ડ ગરાસીયા આદિજાતિમાં સમાજ અને સાંસ્કૃતિક અભ્યાસ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.